

ગાંડીવ મુદ્રણાલય, કળાપીઠ
સુરતમાં છાપી ગાંડીવ
સાહિત્ય મંદિર તરફથી
નટવરલાલ વીમાવાળાએ
પ્રગટ કરીઃ કાર્તિકઃ
૧૯૮૯. આવૃત્તિ બીજી
કિંમત આનો એક

આ નાનકડું નાટક કોઈ પણ જાતની મુશ્કેલી વિના નાનાં બાળકો ભજવી શકે એ રીતે એની યોજના કરી છે. વસ્તુ ઘણું જૂનું અને જાણીતું છે, તેને માત્ર અમુક સ્વરૂપજ આપ્યું છે.

મિયાઉં!

પ્રવેશ ૧ લો

સ્થળ: ઝુંપડી

સમય: સાંજનો

પાત્રો: ભીમો ને તેનો દીકરો.

પાછળથી પડોશી ખેમો.

ભીમો: હરિયા, આપણી ભુરકી પાડી કેમ જણાતી નથી? બધાં ઢોર તો આવી ગયાં. પણ ભુરકી નથી દેખાતી.

હરિયો: ભા, કશે દૂર ગઇ હશે ચરવા, તે હમણું આવી લાગશે.

ભીમો: દીવા તો થવા આવ્યા. રોજ તો આટલું મોડું નથી થતું. આજે આમ કેમ?

હરિયો: જરા છૂટી ગઈ હતી ભા! એ નાકા ઉપરજ હશે.

ભીમોઃ જોને ત્યારે, આટલામાં હોય તો હુંડી આવને.

હરિયોઃ વારૂ ભા.

(હરિયો જાય છે)

ભીમોઃ હરિયો તો નાદાન છે. આજકાલ ઢોરને સૂનાં મૂકવા જેવું નથી. ઉપડી જતાં વાર નથી લાગતી. પેલા શિવા પટેલનો બળદ ગયો તે ગયોજ ને! પરમ દહાડે રાધી પણ બૂમ પાડતી'તી કે મારૂં એક બકરૂં હજુ જડતું નથી. રખેને મારી ભુરકીનું પણ એવું થાય!

(હરિયો આવે છે)

હરિયોઃ ભા, હુંકડામાં તો નથી દેખાતી. હું ઠેઠ શિવાકાકાના ખેતર સુધી જઈ આવ્યો, પરંતુ કંઇ ભાળ ન પડી.

ભીમોઃ મને થાય છે હરિયા, કે કોઇ ચોરીજ ગયું હશે!

(બહારથી બૂમ પડે છેઃ "ભીમા કાકા")

કોણ છો? આવોને!

(ખેમો આવે છે)

ખેમોઃ કેમ ભીમાકાકા? તમે તમારી ભુરકી વેચી નાંખી? વેચવી'તી તો મને કહેવું'તું ને! હું ન લઈ લેત?

ભીમોઃ (અજાયબીથી) નારે ભા ખેમા ! મેં કંઇ વેચી નથી. ભુરકીને વળી વેચું શાને ? આ તો ઉલટી એ જડતી નથી તેના વિચાર ચાલેછે. તને કોણે કહ્યું કે મેં ભુરકીને વેચી નાંખી ?

ખેમોઃ પેલા પાંચાએ કહ્યું—

હરિયોઃ (અજાયબીથી)—પાંચા ચોરે—

ખેમોઃ હા, પાંચા ચોરે ! એ દોરીને જતો હતો. મેં પૂછ્યું, અલ્યા ક્યાં લઇ જાય છે ? તો કહેઃ મારે લઇ જવી હોય ત્યાં. તું કોણ પૂછનાર ? અમારા ઢોરને અમે ગમે તે કરીશું !

ભીમોઃ એ તો એજ ! ભામટો રસ્તેથી વાળીને ચોરી ગયો !

હરિયોઃ હા ભા, એમજ થયું લાગે છે. હવે શું કરીશું ?

ખેમોઃ ભીમાકાકા ! હવે તો એને કચેરીએ ઘસડો. એ શિવાય ઉપાય નથી. બધાને બહુ રંજાડે છે એ ચોરટો !

હરિયોઃ બાપા, રાધીકાકીની બકરી પણ એણેજ ચોરી હશે !

ભીમોઃ તે તો આપણે શું જાણીયે ? પણ કાલે

આપણે તો ફરિયાદ નોંધાવી દઈશું. કંઈ લોકોનાં ઢોર મફત આવે છે? આપણો પુરાવો પણ મજબૂત છે. ખેમા, તું સાક્ષીમાં આવીશ ને?

ખેમો: હુઉવે કાકા, કેમ ન આવું?

ભીમો: ઠીક ત્યારે. ચાલ અંદર, થોડો નાસ્તો કરીને જા.

[બધા અંદર જાય છે.]

પ્રવેશ બીજો

સ્થળ: શિવશંકર વકીલની ઓફીસ

સમય: સ્હવારનો

પાત્રો: વકીલ શિવશંકર ને કારકુન

પાછળથી પાચો

(વકીલસાહેબ બેઠા બેઠા છાપું વાંચે છે. ચશ્મા આંખે ચઢાવેલા છે. કારકુન લખે છે.)

શિવશંકર: (છાપાંમાંથી મ્હોં કાઢી) જોયું કે ધીરજલાલ? આ પેલા મુંબાઈના કેસમાં પેલો મનસુખરામ હારી ગયો, હોં!

ધીરજલાલ કારકુનઃ (હસીને) હા સાહેબ, મેં વાંચ્યું'સ્તો. આપણે એને પહેલેથીજ કહ્યું'તું કે તું અપીલ ન જા. આમાં જીતવાનો નથી. છતાં એ લાડવો ખાવા ગયો તો કહીએ લેતો જા.

શિવશંકરઃ હવે બીજા કેસમાં આપણી પાસે આવવો જોઇએ, પછી એની વાત. તમે નાથુ શેઠ પાસેથી ઉઘરાણી લાવ્યા કે નહિ? એનો કેસ પતી ગયાને ઘણો વખત થયો. પછી ભારે થઈ જશે.

ધિરજઃ અવારનવાર ફેરો તો ખાઉં છું સાહેબ. આ લખવાનું પતાવી જઈ આવું છું.

શિવશંકરઃ ત્યારે સાથે એટલું કરજો, રસ્તામાં રસ્તો. પેલા પ્રાણલાલને ત્યાં કહેતા આવજો કે તમારી નોટીસનો જવાબ આવ્યો છે, પણ કેસ નક્કી માંડવો પડશે, માટે આવી જજો.

ધીરજલાલઃ વારૂ સાહેબ. (જાય છે)

(થોડીવારે બહારથી બૂમ પડે છે)

વકીલ સાહેબ છે કે?

(વકીલ સાહેબ ધોતીયું ખંખેરી ટેબલ સમારી ઉભા થઇ જવાબ આપે છે,—કોણ છે? આવો)

(પાંચો દાખલ થાય છે. એના હાથમાં એક કાગળીયું છે.)

વકીલ: બેસો, ખુરશી પર બેસો પટેલ. હું જરા આ થોડા

(પટેલ બેસે છે.)

કાગળ વાંચી લઉં. પછી વાત કરીએ.

(થોડીવારે)

બોલો પટેલ.

પાંચો: સાબ મારા પર આ સરકારી કાગળીયું આયું સે, તેનું અ્યમ સે તે જુઓ ને!

વકીલ: (હાથમાં લઇ વાંચે છે) આ તો સમન્સ છે સમન્સ. તમે ચોરી કીધી છે? ભીમા પટેલની પાડી ચોરવાનો તમારા પર આરોપ છે. મને બરાબર ફી આપશો તો તમને છોડાવી મૂકીશ.

પાંચો: તે ફી તો આલશું સ્તો. પણ અ્યમ કરવું તે તો કહો.

વકીલ: પાડી તમે ચોરી છે?

પાંચો: તમારે તેનું શું કામ છે? તમારી ફી કહો ને મને છોડાવી આલો એટલે તમને ફી આલશું.

વકીલ: તે પટેલ, જુઓ. તમારો કેસ સહેલો નથી! ભીમો પટેલ સાક્ષી પણ મૂકશે; એ સામે તમારી પાસે સાક્ષી છે?

પાંચોઃ શેના સાક્ષી ?

વકીલઃ તમે તે દહાડે અહિં હતાજ નહિ, બહાગામ હતા એવો કંઈ પુરાવો છે ?

પાંચોઃ એવો પુરાવો તો કાંઇ ન મળે. મારી પાસે સાક્ષી નથી. હું તો અહિંજ હતો એમ બધા જાણે છે.

વકીલઃ બીજી જુક્તિ મારી પાસે છે. પણ તેની ફી રૂપિયા પચાસ થશે. પચાસ રૂપિયા ખરચાશે ?

પાંચોઃ હુઉવે. મારે જેલમાં જવું નથી. મારી આબરૂ બચાવો તો સો રૂપિયા શી વિસાતના છે ?

વકીલઃ વારૂ ત્યારે; જુઓ પટેલ, હાલ એક વીસ રૂપિયા આપો.

પાંચોઃ હાલ તો કંઈ નહિ મળે. છોડાવી આપો તો ફી આલું. નહિ તો કાંઇ નહિ.

વકીલઃ તે બને નહિ. હાલ તો કંઇ બાનું મળવુંજ જોઇએ.

પાંચોઃ તે આજે સાંજે આલી જઈશ.

વકીલઃ ઠીક ત્યારે. સાંજે હું તમને ઉપાય બતાવીશ. જાવ, સાંજે આવજો.

પાંચોઃ લ્યો ત્યારે, હાલ રૂપિયા પાંચ રાખો (આપે



છે) બીજા કેસ પતે પછીથી આપીશ. ચાલો કહો.

[વકીલ રૂપિયા ગજવામાં મૂકે છે]

વકીલ: જુઓ, આમ પાસે આવો.

(પાંચો પાસે આવે છે. પછી વકીલ તેના કાનમાં કંઇ કંઇ વાતો કરે છે. તે સાંભળી પાંચો હસે છે ને પછી)

પાંચો: વાહવાહ! વકીલ સાહેબ, અચ્છી કરી!

વકીલ: તમારાથી થશે ને?

પાંચો: હઉવે. બરાબર થશે. તમારે જરાયે ફિકર ન રાખવી.

વકીલ: ઠીક ત્યારે, સોમવારે કેસ છે. તેમાં વેળાસર આવી રહેજો. ચાલો હવે, મારે નહાવા જવાની વખત થઇ. (પાંચો જવા માંડે છે) રામરામ પટેલ.

પાંચો: એ–રામરામ

(જાય છે.)

પ્રવેશ ત્રીજો

સ્થળ: કચેરી

પાત્રો: ન્યાયાધીશ, પટાવાળો, શિરસ્તેદાર, ભીમો, ખેમો, હરિયો, વકીલ, પાંચો વગેરે

(પટાવાળો નેકી પોકારે છે—નિધા રાખીયે મહેરબાન—ને ન્યાયાધીશ આવીને બેસે છે. જરા વાર બેસી રહે છે, થોડા કાગળીયા કાઢી વાંચે છે. પછી)

ન્યાયાધીશ: શિરસ્તેદાર! શિરસ્તેદાર! ચાલો. કેસ કાઢો, પહેલો કોણ છે?

શિરસ્તેદારઃ (પટાવાળાને) બૂમ પાડ પટાવાળા, ભીમા નાયકને.

પટાવાળોઃ (બૂમ પાડે છે.) ભીમો ના...યક, ભીમો ના...યક !

શિરસ્તેદારઃ પાંચો પટેલ

પટાવાળોઃ પાં...ચા પટેલ, પાંચા પટેલ......

(એજ મુજબ હરિયા ને ખેમાને બૂમો પાડે છે. છેવટે વકીલ મી. શિવશંકરને પણ બૂમ પડે છે. એ બધાં આવીને હાજર થાય છે.)

શિરસ્તેદારઃ ભીમો નાયક, ખડા રહો. (ભીમો ઉભો રહે છે) ઇશ્વરના સોગંદ પર કહો કે જે બોલીશ તે સાચું બોલીશ.

(ભીમો નાયક એ મુજબ બોલે છે)

ન્યાયાધીશઃ પાડી તમારી ચોરાઈ છે ?

ભીમાઃ જી હુજુર, હા જી. મારી પાડી ચોરાઇ છે. મારી પાડી ભુરા રંગની છે. તેને અમે ભુરકી કહીએ છીએ.

ન્યાયાધીશઃ તમને કોઈ પર શક છે ?

ભીમોઃ જી, હા. પાંચા પટેલેજ ચોરી છે.

ન્યાયાધીશઃ સાક્ષી પુરાવો છે કે ?

ભીમોઃ જી, સાક્ષીમાં મારા પાડોશી ખેમાએ પાંચાને જાતોજાત જોયો છે. પાંચો પાડી લઇને જતો હતો.

ન્યાયાધીશઃ ખેમાને બોલાવો.

(ખેમો હાજર થાય છે.)

ન્યાયાધીશઃ તને જે પૂછું તેનો સાચો જવાબ દેશે કે ?

ખેમોઃ જી, હજુર

ન્યાયાધીશઃ ભુરકી પાડી પાંચાએ ચોરી છે ?

ખેમોઃ જી; પાંચો લઇને જતો હતો. પાડી મેં ઓળખી, કેમકે મારે વેચાતી લેવી હતી. પાંચાને પૂછ્યુંઃ તો કહે કે મેં વેચાતી લીધી છે. પછી ભીમા પટેલને પૂછ્યું તો કહે કે ચોરાઇ ગઇ છે. એટલે પાંચોજ ચોરી ગયલો.

ન્યાયાધીશઃ વારૂ, પાંચો પટેલ હાજર થાય.

(શિવશંકર વકીલ અને પાંચો બંને સાથે હાજર થાય છે.)

શિવશંકરઃ સાહેબ, મારો અસીલ હાજર છે. એની તબીયત સારી નથી. એને ચિત્તભ્રમનો રોગ છે. એ ચોરી કરી શકે એવી સ્થિતિમાંજ નથી. એના પર ખોટો આરોપ ભીમા નાયકે મૂકેલો છે. ભીમો એના પર દ્વેષભાવ રાખે છે.

ન્યાયાધીશ: એની તબીયત વિષે શું પુરાવો છે ?

શિવશંકર: ડાકટરનાં સર્ટીફીકેટ છે સાહેબ. વધુમાં આપ જાતે ખાતરી કરી જોશો.

ન્યાયાધીશ: પટેલ, તમારૂં નામ શું ?

પાંચો: મિઆઉં—

ન્યાયાધીશ: તમારૂં નામ શું ? બરાબર જવાબ દો.

પાંચો: મ્યાંઉં મ્યાંઉં મ્યાંઉં (ગાંડો હોવાના જાતજાતના ચાળા કરે છે.)

શિવશંકર: બરાબર જવાબ આપો પટેલ. ન્યાયાધીશ સાહેબ પૂછે છે.

પાંચો: બ્યાંઉં મ્યાંઉં બ્યાંઉં !

શિવશંકર: જોયું કની સાહેબ ? એના મગજમાં એવું ભૂત ભરાયું છે કે એક સાધુએ આવી મંતર જંતરથી મને બિલાડો બનાવી દીધો. આજ કેટલા મહિનાથી એ આમ ને આમજ કરે છે ! એ ચોરી કરવા જાય ક્યાં......?

ભીમો: સાહેબ, આ બધા ઢોંગ છે......

શિરસ્તેદાર: વચ્ચે ન બોલો. મુંગા મુંગા જોયા કરો.

ન્યાયાધીશ: (એકદમ ઘાંટો કાઢી) પટેલ, એકદમ



બોલો. તમે પાડી ચોરી છે ?

પાંચો: મ્યાંઉં બ્યાઉં વ્યાઉં ! પાડી બાડી જાડી

લાડી ગાડી નાડી તાડી દાઢી હાંડી ઝુમ્મર વેલણુ તવેથો મ્યાઉં બ્યાંઉં બ્યાઉં......

ન્યાયાધીશઃ (મનમાં) આ તો કંઇ જવાબ દેતો નથી. ગાંડોજ લાગે છે. વળી એક સવાલ પૂછવા દે. (મોટેથી)

એઇ મિયાઉંડા ! તું ભીમા નાયકની પાડી ચોરી ગયો છે, ખરૂં કની !

પાંચોઃ મ્યાઉં......ભીમો ખીમો ગીમો નીમો વીમો હીમો મ્યાઉં બ્યાઉં બ્યાઉં મ્યાઉં મ્યાઉં મ્યાઉં.

ન્યાયાધીશઃ (હસીને) આ તો તદ્દન ગાંડો છે. એનાથી વળી ચોરી શાને થાય !

(મોટેથી) મી૦ શિવશંકર !

શિવશંકરઃ જી !

ન્યાયાધીશઃ તમારો અસીલ બિલકુલ ગાંડો દેખાય છે.

શિવશંકરઃ મારૂં કહેવું એજ છે, સાહેબ ! આપજ કહી શકશો કે સાહેબ! એનાથી ચોરી થઇ શકે !

ન્યાયાધીશઃ ના. ચોરી કરવા જેટલું એનું મગજ ઠેકાણે નથી ! (મોટેથી)ભીમા નાયક !

ભીમોઃ જી !

ન્યાયાધીશ: તમારો કેસ ખોટો છે. પાડી કોઇ બીજું ચોરી ગયું હશે. આરોપી તો તદ્દન ગાંડો છે. એ ચોરી કરી શકે તેમ છે નહિ. તમારી ફરિયાદ કાઢી નાંખવામાં આવે છે.

ભીમો: સાહેબ—સાહેબ—

હરિયો: સાહેબ—સાહેબ

શિરસ્તેદાર: (નાકે આંગળી લગાડી) ચૂપ ! હવે ઘેર જાઓ. ચૂકાદો અપાઇ ગયો. સાહેબ, બીજો કેસ કાઢું ?

ન્યાયાધીશ: નહિ. આજે મારે બીજો કેસ સાંભળવો નથી. પેલા પૂનમચંદના કેસના કાગળ લાવો. તે વાંચવા હું અંદર જઇને બેસું છું.

(અંદર જાય છે)

(પડદો પડે છે)

પ્રવેશ ચોથો

સ્થળ: શિવશંકર વકીલનું ઘર

પાત્રો: શિવશંકર અને ધીરજલાલ

શિવશંકર: (વાંચતો બેઠો છે, ધીરજલાલ આવે

છે) અરે ધીરજલાલ, પેલા પાંચા પટેલને ત્યાંથી ૪૫ રૂપિયા લાવવાના છે તે લઈ આવોને.

ધીરજલાલ: હું ગયો'તો સાહેબ. પણ તે તો કહે છે કે તારા શેઠને મોકલજે!

શિવશંકર: અરે, પણ હું તે કંઇ ઉઘરાણી જાઉં? તમેજ માંગી લાવો ને.

ધીરજરામ: મને તો કંઈ દાદ દેતો નથી. તમે જશો તો જ પત્તો લાગશે.

શિવશંકર: દહાડા ઘણા થઇ ગયા ને હજુ રૂપિયા ન મળે એ કેવું? લાવ, હું જઈ આવું.

[જાય છે]

પ્રવેશ પાંચમો

સ્થળ: પાંચા પટેલની ઝુંપડી

પાત્રા: પાચો ખાટલા પર બેઠો છે.

વકીલ આવે છે.

વકીલ: અરે પાંચા પટેલ! તમે તો પછી કંઇ દેખાયાજ નહિને! કેસ પૂરો થયો ને ગયા તે ગયાજ.

અમારી પ્રીનું પણ કંઈ કર્યું નહિ !

પાંચોઃ મ્યાઉં મ્યાઉં મ્યાઉં.

વકીલઃ વાહ પટેલ વાહ ! તમે બી બડા મજાક-ખોર લાગો છો ? ચાલો, ચાલો, હવે પૈસા કાઢો.

પાંચોઃ મ્યાઉં બ્યાઉં વ્યાઉં !

વકીલઃ અરે ! આ શું ? પટેલ, આ કંઈ કોરટ નથી ! આ તો તમારૂં ઘર છે ઘર ! કંઈ ઉંઘમાં તો નથીને ? ચાલો ચાલો, હવે મજાક જવા દો. મને નાણાંની ઘણી જરૂર છે, તેથી જાતે આવવું પડયું.

પાંચોઃ મ્યાઉં જાતે, ઘાતે, બાતે, ખાતે, માતે, લાતે, મ્યાઉં, બ્યાઉં, વ્યાઉં !

વકીલઃ (મનમાં) અરે, આ તો કંઇ વિચિત્ર માણસ લાગે છે. પત્થર તળે આવેલો હાથ કળે કળે કાઢવો પડશે. (નરમાશથી) ચાલો ચાલો પટેલ, એ ગડબડ જવા દો. એ નાટક તો આપણે ભજવ્યું ને તેમાં ફાવી પણ ગયા. માટે હવે એ ભૂલી જાવ. હવે ગાંડા થવામાં મઝા નથી.

પાંચોઃ મ્યાઉં...ગાંડા, બાંડા, દાંડા, હાંડા, ખાંડા, નાડા મ્યાઉં બ્યાઉં વ્યાંઉં.

વકીલઃ અરે પટેલ, કોરટને તમે મ્યાઉં કર્યું. ને



વળી સાથે સાથે મને પણ મ્યાઉં જ ?!

પાંચો: (હસીને) તમને તો મ્યાઉં પણ જે કોઇ આવે તેને મ્યાઉં. તમારો બાપ આવે તો તેને પણ મ્યાઉં ળ્યાઉં વ્યાઉં.........

વકીલ: અરે વાહ! આ તો જબરો નીકળ્યો!

અલ્યા મીઆઉંડા ! પૈસા ધરી દે, પૈસા !

પાંચો: મ્યાઉં મ્યાઉં મ્યાઉં !

(એમ કરતો બિલાડીની પેઠે કરડવાનો ચાળો કરતો વકીલ પર ધસી જાય છે એટલે વકીલ નાસી જાય છે.)

પ્રવેશ છઠ્ઠો

સ્થળ: રસ્તો

પાત્ર: વકીલ

વકીલ: (મનમાંજ વિચાર કરે છે) આ તો ચોરને માથે ઘંટીચોર નીકળ્યો ! મારીજ લાકડી ને મારોજ વાંસો ! આ તો ભેંસનાં શીંગડાં ભેંસનેજ ભારી પડ્યાં ! મેં વળી ક્યાં આવી સલાહ આપી ! (કાન આમળતાં) હુવે તો ભાઇ ! ખરેજ કાન આમળું છું ! આવી સલાહ ભૂલેચૂકે યે કોઇ અસીલને નહિ આપું.

(જાય છે.)

સમાપ્ત

પ્રત્યેક કુમારે વાંચવા લાયક

બ્રહ્માંડનો ભેદ

સાહસનાં શૂરાતનથી ભરપૂર આ નવલકથા એકેએક શાળાના પુસ્તકાલયમાં રાખવા લાયક છે. જુનાગઢના દફતર પ્રતાપરાય અને તેના સોબતી બહાદુરસિંહ એક અજબ જેવો ગ્રંથ મેળવવા ચીન ગયા હતા અને ત્યાં જીવસટોસટનાં પરાક્રમો કરીને અત્યંત સંકટોમાંથી પસાર થઇને સફળતા મેળવી પાછા ફર્યા હતા. તેની કહાણી પ્રત્યેક જુવાનની નસે-નસમાં શૂરાતન અને જોમ ઉછળાવે તેવી છે. સૌરાષ્ટ્ર પત્રે આ પુસ્તક વાંચવાની ખાસ દરેક જુવાનને ભલામણ કરી છે. કેમકે એ એક નવીજ શૈલીની વાર્તા છે. ગુજરાતી ભાષામાં આટલાં સરળ નિર્દોષ અને પ્રેરક તત્વોવાળી નવલકથાઓ જૂજ હશે. ચીન દેશમાંના બૌદ્ધ મઠોની પાછળ કેવી રહસ્યમય ગુંથણી રહેલી છે, તેનું એમાં સાચેસાચું દિગ્દર્શન થાય છે. નાનાં મોટાં સૌ કોઇને એ વાંચતાં રસ પડશે.

પાકું પુઠું, સોનેરી નામ, ચાર ચિત્રો અને મોટાં કદના ૩૦૦ પાનાંના પ્રમાણમાં કિમ્મત રૂપિયા સાડા ત્રણ રાખવામાં આવી છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. ભાગ બીજો કિમ્મત રૂપિયા બે.

એ તેમજ અમારાં બીજાં તમામ પુસ્તકો તેમજ બાળસાહિત્યનાં પુષ્પો મુંબાઈના બધાં બુકસેલરો ઉપરાંત વડોદરા, રાજકોટ, ભરૂચ, અમદાવાદ વગેરે સ્થળોના બુકસેલરો પણ વેચે છે. તથા વ્હીલરના રેલ્વે સ્ટેશન પરના સ્ટૉલ પરથી પણ મળશે.

ગાંડીવ

બાલોદ્યાનમાલાના કાયમ

ગ્રાહક બનો

ઘણી બાજુએથી આ માળાના કાયમી ગ્રાહક બનવા માટે પૂછપરછ આવ્યા કરે છે. તેથી એવો નિયમ કર્યો છે કે જે કોઇ ભાઇ યા બહેન રૂ. ૪ અમારે ત્યાં અનામત મુકશે તેને અનામત મળ્યાની તારીખ પછી બહાર પડતાં પુસ્તકો નિયમિત રીતે મળશે. અનામત મુકવાનો લાભ એ છે કે પુસ્તકોનું ટપાલ ખર્ચ સંસ્થા ભોગવશે અને ગ્રાહકને છાપેલી કિંમતે ઘરબેઠાં ચોપડી મળશે. આ રીતે મુકેલી રકમનો બરાબર હિસાબ રખાશે અને રકમ પૂરી થતાં ગ્રાહકને ખબર આપી વધુ નાણાં મંગાવી લેવાશે. આમાં કોઇ જાતની દાખલ ફી કે કશું નથી. છેક ઓછી કિંમતની ચોપડીઓ હશે તો બે બે ત્રણ ત્રણ સાથે મોકલાવી દેવાશે. વરસના ગાળામાં રૂ. ચારથી વધુ લાગત ગ્રાહકને આવશે નહિ પણ ચોપડીઓ અમુક આંતરે બહાર પડેજ, એવો કંઇ નિયમ નથી. અનામત મળ્યા પહેલાંના પુસ્તકો ગ્રાહકને જોઇશે, તો પુરી કિંમતે અપાશે. પણ બધાં સાથે લેશે તો વળતર કાપવામાં આવશે. આજેજ

મનીઓર્ડર કરો.

બાળસાહિત્યનો ગાંડીવ ટંકાર

સેટ ૧ લો

૧	ટૉલ્સ્ટોયની ત્રણ વાતો	૦–૫–૦
૨	બકુલ	૦–૬–૦
૩	બિરબલનો બન્ધુ	૦–૮–૦
૪	મૂરખરાજ (ટૉલ્સ્ટોય)	૦–૮–૦
૫	નીલમ	૦–૬–૦
૬	ભીષ્મ અને યુધિષ્ઠિર	૦–૪–૦
૭	બાળવિહાર (૧)	૦-૧૨-૦
૮	જયબજરંગ	૦–૬–૦
૯	વાઘાનું વન	૦–૪–૦
૧૦	જાદુઈ હાર	૦–૪–૦
૧૧	બરફીપુરી	૦–૪–૦
૧૨	સોનાકુમારી	૦–૪–૦
૧૩	તોફાની ટીપુડો	૦–૬–૦
૧૪	કચુંબર	૦–૩–૦
૧૫	ધૂપસળી	૦–૪–૦
૧૬	બાળવિહાર (૨)	૦–૬–૦
૧૭	મોતીના દાણા	૦–૫–૦
૧૮	એક હતો કૂતરો—	૦–૪–૦
૧૯	કેરીનાં ભજીયાં	૦–૩–૦
૨૦	નવનીત	૦–૩–૦
૨૧	મેઘધનુષ	૦–૪–૦
૨૨	મિયાઉં	૦--૧--૦
૨૩	હાથી ધમધમ ચાલે	૦--૧--૦
૨૪	બાળડાયરી	૦–૩–૦
૨૫	ચોપગાંની [illegible]રાઇ	૦--૪--૦
૨૬	ગધેડાનું રાજ	૦--૧--૦
૨૭	રમકડાંની દુકાન	૦--૧--૦
૨૮	જાદુઇ જમરૂખ	૦--૧--૦
૨૯	મકનો મસ્તાનો	૦–૧–૬
૩૦	બંગાળી બિરબલ	૦–૬–૦

કુલ ૮–૦–૬ ને બદલે આખો સેટ લેનારને ૭॥ રૂા. ને ફેન્સી બાક્સ ૧૧. સ્ટેશનવાળા ગામે રેલ્વે પાર્સલ સસ્તું પડે.

સેટ બીજો:

૧	ભૂલભૂલામણિ	૦)–
૨	સવાકાની આપવીતી	૦)–
૩	ખોટી ખોટી વાતો	૦।
૪	સિપાઈદાદા	૦)=॥

નવી ચોપડીઓ તૈયાર થાય છે.

મોટા બાળકો-કુમારો માટે

બલિદાન	૦।–
બ્રહ્માંડનો ભેદ	૩॥
પારસમણિ	૨)
ગીતાંજલિ	૧।
પાંડવગુપ્ત નિવાસ	૦॥।
ખાંયણા	૦।–
નીતિધર્મ	૦॥